સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ • અંક - ૩ • માર્ચ ૨૦૨૫ • છૂટક પ્રત રૂા. ૧૦/-    આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઇ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**
**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

# શ્રી ચુંવાળ પાંચ પરગણા વાળંદ સમાજ ટ્રસ્ટ અને સમાજ આયોજિત ૨૫મો સમૂહ લગ્નોત્સવ



# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

**: ઉપપ્રમુખ :**

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**: સહમંત્રી :**

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**: કોષાધ્યક્ષ :**

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: ટ્રસ્ટીશ્રીઓ :**

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)

શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)

શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :**

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

**: એડવાઇઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી રમેશભાઈ એસ. વાળંદ
શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા
શ્રી પ્રવિણભાઈ શર્મા
શ્રી ભભૂતમલ જવાનજી સેન
શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

તંત્રી : **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય**
મો : ૭૮૭૪૮૬૯૨૪૭

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧

સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

સંપાદક : **શ્રી શંકરલાલ એમ. ભાટીયા**
મો. : ૯૪૨૬૦૮૫૪૮૮

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. ૯૫૧૦૦૮૩૩૨૬ પર અથવા સંપાદક શ્રી શંકરલાલ ભાટીયા મો. ૯૪૨૬૦૮૫૪૮૮ પર જાણ કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**
**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮
www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com


# સુભાષિત

**बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।**
**तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ।।**

**સમત્વ બુદ્ધિયુક્ત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે - તેમનાથી મુક્ત થઈ જાય છે. માટે તું સમત્વરૂપ યોગમાં જોડાઈ જા. આ સમત્વરૂપ યોગ એ જ કર્મોમાં કુશળતા છે અર્થાત્ કર્મબંધનથી છૂટવાનો ઉપાય છે.**

**- શ્રીમદ્ ભગવદ્દીતા ૨-૫૦**

આપણું જીવન સુખ દુઃખ, માન-અપમાન, ઠંડી-ગરમી, હાર-જીત, શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વોમાં અટવાયેલું છે. જીવનમાં ક્યારેક આપણી હાર થાય છે તો ક્યારેક જીત થાય છે. ક્યારેક સુખ આવતા સુખના અતિરેકમાં છકી જઈએ છીએ તો ક્યારેક દુઃખ આવતાં નાસીપાસ થઈ જઈએ છીએ. કોઈ આપણી પ્રશંસા કરે તો હરખાઈ જઈએ છીએ અને નિંદા કરે તો મન ઉદ્વિગ્ન થઈ જાય છે. પણ આવા બધા દ્વંદ્વોની વચ્ચે જે મનની સમતુલા જાળવી શાંત રહી શકે છે તેને સમત્વ કહે છે. સુખમાં છકી જઈએ અને દુઃખમાં હિંમત હારી જઈએ અને વલોપાત કરીએ એ સમત્વ નથી. દરેક સંજોગોમાં મનની સ્થિતિ સ્થિર રહે, ન જીત આપણને ગર્વિષ્ઠ બનાવે, ન હાર દુઃખનો અનુભવ કરાવે. જીવનપ્રવાહના ભરતી-ઓટના સમયે મન શાંત રહી શકે, તટસ્થ રહી શકે, સંતુલન જાળવી શકે એ જ (સમત્વ) યોગ છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે

'સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા
ટાળ્યા તે કોઈના નવ ટળે રે રઘુનાથ ના જડિયા.'

રાજા હોય કે રંક દરેકના જીવનમાં દુઃખ તો આવે જ છે. નળરાજા, પાંચ પાંડવો, ભગવાન શ્રીરામ, રાજા હરિશ્ચંદ્ર વગેરેના જીવનમાં અનેક દુઃખો આવેલા માટે દુઃખ આવે ત્યારે ડરી જવું નહિ પણ હિંમતથી તેનો સામનો કરવો જોઈએ અને પ્રભુના શરણે જવું.

આ યોગ એટલે પરમાત્માની સાથે મન અને બુદ્ધિનું જોડાણ. યોગ એટલે મનુષ્યને હરહંમેશ હચમચાવતી

(અનુસંધાન પેજ નં. ૮ પર)



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદાદારશ્રીઓ, સમાજના સર્વે દિલેર દાતાશ્રીઓ, વિદેશમાં વસતા આપણા સર્વે સ્નેહીજનો તથા આપણા શિક્ષણભવનના નવા પ્રોજેક્ટ બિલ્ડીંગ માટે સંવેદનશીલ તમામ હિતેચ્છુઓને દિલથી આવકારું છું.

આપ જાણો છો કે આપણા આ વિદ્યાર્થીભવનનું બાંધકામ પ્રગતિમાં છે. આ ભવનના હાલ પુરતા ૬ + ૧ માળના પંદર કરોડના અંદાજીત ખર્ચથી તૈયાર થનાર છે. જેમાં બે બેન્ક્વેટ હોલ પણ આધુનિક સગવડો સાથે તૈયાર થનાર છે. હાલ ભવનના ભોયરા સાથે ત્રણ માળનું બાંધકામ પૂરું થવામાં છે. જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૪ કરોડનો થવા જાય છે. આ બિલ્ડીંગ આધુનિક સગવડો સાથે પૂરું કરવા માટે હજુ રૂપિયા ૧૧ કરોડની જરૂરીયાત રહે છે. જે આપણા સમાજના નાનામાં નાના માણસથી સક્ષમ દાતાઓ પાસેથી દાન મેળવવાનું છે. આ માટે બધા જ ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકરો, જ્ઞાતિબંધુઓ શક્ય તેટલું દાન મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. આપણો હાલ એક જ ઉદ્દેશ છે કે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ વહેલામાં વહેલી તકે આ ભવનમાં નિવાસ કરી પોતાની શૈક્ષણિક કારકિર્દી ઘડે તે જ છે.

આપણા ઘણા બધા દાતાશ્રીઓએ દાનની જાહેરાત કરેલ છે. આ દાનની રકમ આશરે રૂપિયા ૮૦ લાખ જેટલી થાય છે. હું આશા રાખું છું કે સન્માનનીય દાતાશ્રીઓએ તેમનું જાહેર કરેલ દાન સત્વરે મોકલી આપી આ શિક્ષણના મહાયજ્ઞમાં ભાગીદાર થશો. આ જાહેર અપિલને આપ અગ્રતા આપશો તેવી વિનંતી છે.

છેલ્લા બે વર્ષથી મારા અમેરિકા અને સમયાંતરે ભારત આવવાના પ્રયત્નો ચાલુ છે. મારા અત્રે અમદાવાદના નિવાસ દરમ્યાન સમાજના જુદા જુદા ગોળ, જથ, પરગણા, સૌરાષ્ટ્ર, કાઠીયાવાડ, ગોહિલવાડા વગેરે જગ્યાએ તેમના સમૂહલગ્નના પ્રસંગો, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના મેળાવડાઓ, ગોળ જથના જિલ્લાના હોદ્દેદારોની મીટીંગમાં રૂબરૂ જઈ દાન મેળવવા પ્રચાર, પ્રસાર કરેલ છે. આ માટે મારા સ્વખર્ચે તથા સમૂહલગ્નમાં કન્યાઓને દાનભેટ અને શૈક્ષણિક અને ધાર્મિક મેળાવડામાં યોગ્ય સહયોગ આપી સમાજની હમદર્દી મેળવવા પ્રયત્નો કર્યા છે. સાથે સાથે ગુજરાતના જૂદા જૂદા વિસ્તારના જથ ગોળના હોદ્દેદારોમાં આ સંસ્થા અંગે ગેરસમજ અને પૂર્વગ્રહ ચાલતા હતા તે દૂર કરવા સફળ રહ્યા છીએ. આ સંસ્થા આપણા સમગ્ર વાળંદ સમાજની છે તેવો ભાવ પેદા કરવા પ્રયત્નો કર્યા છે. આ સંસ્થા માટે આપણો જેટલો હક છે, તેટલી જ આપણી ફરજ પણ બને છે. મારા છેલ્લા બે વર્ષની મુલાકાતોનો વિગતવાર અહેવાલ હવે પછીના વાળંદ વિકાસના મારા લેખમાં કરનાર છું.

સમાજ ઉત્કર્ષ અને યુવાધનની ઉન્નતિ માટેની સેવામાં સમર્પણ ભાવનાથી જોડાયેલ સમાજના અગ્રણિયો જેવા કે બીઝનેસમેન, બિલ્ડર, ઉદ્યોગપતિઓ, પ્રોફેશનલ જેવા કે વકીલ, ડૉક્ટર, સીએ, પ્રોફેસર, ઉચ્ચ સરકારી અધિકારીઓ વગેરેની એક મીટીંગ તા. ૧૬-૩-૨૦૨૫ને શનિવારના રોજ ખડાયતા છાત્રાલય સભાગૃહ સૌરાષ્ટ્રપટેલ છાત્રાલય સામે, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે જેમાં આશરે ૫૦૦ અગ્રણી શ્રેષ્ઠીઓને આમંત્રણ આપવામાં આવનાર છે. જેનો મુખ્ય ઉદ્દેશ અગ્રણી સંસ્થાના નવા પ્રોજેક્ટ અંગે સલાહસૂચન અને આર્થિક સહયોગ મળી રહે તે છે. આ કાર્યક્રમ સફળ રહેશે તેવી આશા રાખી રહ્યા છીએ. આ કાર્યક્રમની સફળતા બાદ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાળંદ સમાજના જુદા જુદા ગોળ, જથના પ્રમુખમંત્રીશ્રીઓ, મોટા શહેરોના હેરકટિંગ સલુન એસોસીએશનના પ્રમુખમંત્રીશ્રીઓ વગેરેની પણ એક મીટીંગ અમદાવાદ ખાતે યોજવાનું આયોજન વિચારી રહ્યા છીએ.

'સમાજ સર્વોપરી છે. સમાજના વિકાસ દ્વારા વ્યક્તિનો વિકાસ અને વ્યક્તિના સહકારથી સમાજનો ઉદ્ધાર' એ સૂત્ર સાર્થક થશે. આવો સાથે મળી સમાજની આવનારી પેઢી માટે કંઈક સમાજ ઉત્કર્ષના કામ કરતા જઈએ.

અસ્તુ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## તંત્રીશ્રીની કલમે...

આપણા યશસ્વી તથા ગૌરવશાળી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખૂણેખૂણાથી રચનાત્મક સેવાની ધૂણી ધખાવીને સેવારૂપી માનવતાની મહેંક ફેલાવતા છૂપા રત્નોને શોધી શોધીને એમને પદ્મશ્રી, પદ્મભૂષણ વગેરે પુરસ્કારોથી નવાજી એમને ગૌરવાન્વીત કરે છે. આ વર્ષે પદ્મશ્રી પુરસ્કાર પોતે ધન્ય થઈ ગયો એવી મહાન વિભૂતિ અને સેવાના ભેખધારી સાબરકાંઠામાં હિંમતનગર શામળાજી માર્ગ પર રાજેન્દ્ર ચોકડી પાસે આવેલા સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના પ્રણેતા તથા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ સોનીને પદ્મશ્રી પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. દીનદુખીયા, અંધ, અપંગ, તરછોડાયેલા, મંદબુદ્ધિ તથા કુષ્ટરોગીઓની સેવાઓનું મૂલ્યાંકન કરી એક દેવદૂતનું સન્માન કર્યું છે.

હું ફક્ત વાંચીને કે સાંભળીને શ્રી સુરેશભાઈથી પ્રભાવિત થયો નથી પણ મેં જાતે અનુભવેલા મારા દર્દની વેદના સમજવાથી પ્રભાવિત થયો છું અને તેથી આ લેખ લખવા પ્રેરાયો છું. મારો એક નાનોભાઈ ઘનશ્યામ મંદબુદ્ધિનો હતો. છેલ્લે છેલ્લે એના તોફાન એટલા બધા વધી ગયા હતા કે એને ઘરમાં રાખવો મુશ્કેલ હતો. મેં બે-ત્રણ સંસ્થાઓની મુલાકાત લીધી. મને રાજેન્દ્રચોકડી પાસે એક સંસ્થા છે જે આવા મંદબુદ્ધિના માણસોને રાખે છે. એમ જાણવા મળ્યું. હું ઘનશ્યામભાઈને લઈને સહયોગમાં શ્રી સુરેશભાઈને મળ્યો અને એમણે ઘનશ્યામભાઈને રહેવાની પરવાનગી આપી. પણ ત્રણ મહિના પછી તેમનું અવસાન થયું. તેમનો અગ્નિસંસ્કાર પણ સહયોગમાં ત્યાંના લગભગ ૫૦૦ માણસોની હાજરીમાં વિધિપૂર્વક કરવામાં આવ્યો. હું સુરેશભાઈના ખભે માથું મૂકીને રડી પડ્યો અને કહ્યું કે તમે માણસ નથી પણ ભગવાન છો. સુરેશભાઈએ મને સાંત્વના તથા દિલાસો આપ્યો.

તો આજે એમની જીવન ઝરમરની ઝાંખી કરીશું.

શ્રી સુરેશભાઈના ધર્મપત્નિ ઇન્દીરાબેન જૂની એસ.એસ.સી. પાસ જ્યારે શ્રી સુરેશભાઈ એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાંથી રેકોર્ડ માર્ક સાથે ગણિત વિષયમાં ગોલ્ડમેડલ સાથે એમ.એસસી.માં ઉત્તીર્ણ થયા. લગ્ન પહેલાં તેમની કેટલીક શરતો હતી જેમાં એક બહોળા વર્ગની કેવી પીડા છે તે દ્રવી જવાય એ રીતે સમજાવતા. ઇન્દીરાબેનમાં પણ સેવાની ભાવના હતી એ બંનેના ૧૯૬૬માં લગ્ન થયા. સુરેશભાઈ વડોદરા કોલેજમાં અધ્યાપન કાર્ય કરતા હતા.

ઇન્દીરાબેન સુરેશભાઈની સાથે સાઈકલ ઉપર ડબલ સવારીમાં બેસીને વડોદરાની અનસૂયા કુષ્ટરોગ હોસ્પિટલમાં દર્દીઓની સેવા માટે જતા. દર્દીઓના હાથે પગે પાટા બાંધેલા, નાક બેસી ગયેલા, આંગળીઓ ખરી પડી હોય અને નાકના બે કાણામાં ઈયળો પણ જોઈ શકાતી હતી. આ બધા લોકોને ઘરમાંથી ત્યજી દેવામાં આવ્યા હતા. આંગળા વગરના બે હાથ જોડીને તેઓ ઇન્દિરાબેન તથા સુરેશભાઈ તેમની જોડે વાતચિત કરે તેમાં પણ ધન્યતા અનુભવતા પગે લાગતા હતા. આવા પીડિતોને જોઈને સુરેશભાઈ અને તેમનું જોઈને ઇન્દિરાબેન માલિશ કરતા, પાણીથી સ્નાન કરાવતા અને વાળ કાપી સુઘડ સ્વચ્છ બનાવતા.

એક વખત સુરેશભાઈએ ઇન્દિરાબેનને કહ્યું કે આપણે આવા લોકો માટે જીવન સમર્પિત કરી દઈએ. ઇન્દીરાબેને પણ ખુશી સાથે સંમતિ આપી. ઇન્દિરાબેન ઘરેથી કાંસકો અને તેલ લઈ જતા અને દર્દીઓને સફાઈ સ્નાન કરાવી વાળ ઓળી આપતા. પીડિતો માટે તેઓ પગભર રહે તે રીતે હુન્નર કરાવવા એક સંસ્થા ખોલવાનો નિર્ણય કર્યો. સયાજી આર્યનના મુ. શ્રી ઈન્દુભાઈ પટેલનો સાથ મળ્યો. સરકારે વડોદરાથી ૧૫ કિ.મી. દૂર સિંધરોટમાં મહીસાગરના કોતરોમાં જમીન આપી જેની સફાઈ કરીને મકાનો બાંધ્યા. પીડિતો માટેની આ જગ્યાનું નામ શ્રમમંદિર પાડ્યું. જોતજોતામાં ૧૯૭૮ની સાલ સુધીમાં ૪૦૦ દર્દીઓ રહેવા લાગ્યા. સુરેશભાઈએ ઊંચા પગારની પ્રોફેસરની નોકરી છોડી દીધી અને શ્રમમંદિરમાં જ નાની ઓરડીમાં રહેવા લાગ્યા અને આઠ અને અગિયારવર્ષના બે સંતાનોને હોસ્ટેલમાં મૂકી દેવાનો અતિ કઠોર નિર્ણય લીધો. દસ વર્ષ આ રીતે બંનેએ શ્રમમંદિરમાં જ રહીને સેવા સુશ્રુષા કરી. ટ્રસ્ટી સાથે સેવાની બાબતમાં મતભેદ થતાં શ્રમમંદિર છોડ્યું.

ન ઘર, ન પૈસા. ઘર શોધવા નીકળ્યા. દાતાશ્રી બિહારીભાઈ, ભરૂચ જિલ્લાની ઓમેટી સ્કૂલવાળા શ્રી રણછોડભાઈ અને હરિૐ આશ્રમના પૂ. શ્રી નંદુભાઈનો

સાથ મળ્યો અને સહયોગ કુષ્ટ યજ્ઞ ટ્રસ્ટની સ્થાપના કરી. સુરેશભાઈ અને ઇન્દિરાબેનનું સેવાયજ્ઞ કેન્દ્ર દાયકાથી પણ વધુ વડોદરામાં રહેલું પણ તેમની સેવા વિષે વિજાપુર સર્વોદય આશ્રમમાં કાર્યરત શ્રી રામુભાઈએ જાણ્યું અને તેમણે એક જ ફોન કરીને સાબરકાંઠામાં હિંમતનગર શામળાજી રોડ પર રાજેન્દ્રચોકડી પાસે તેમની ૩૧ એકર જમીન સુરેશભાઈ અને ઇન્દીરાબેનને ઉભા કરેલા સહયોગ કુષ્ટ યજ્ઞ ટ્રસ્ટને આપી દીધી. ૧૪ સપ્ટેમ્બર ૧૯૮૮ના રોજ ગણેશ ચતુર્થીના દિવસે ૨૦ રક્તપિત્તગ્રસ્ત ભાઈ-બહેનો અને છ બાળકો સાથે દંપતીએ નવા જીવનની શરૂઆત કરી. સુરેશભાઈ આજુબાજુના વિસ્તારમાં પ્રવાસ કરીને કુષ્ટ રોગીઓને શોધી કાઢતા જેઓ સારા પરિવારમાંથી ત્યજી દેવાયેલા અને ભીક્ષુકો બની ચૂક્યા હતા.

સુરેશભાઈએ ૪૫ વર્ષની વયે શૂન્યમાંથી જાણે એક અજબના આશ્રયસ્થાનનું સર્જન કર્યું. જેમ જેમ દાન મળતું ગયું તેમ તેમ કાચી પાકી નાની ઓરડીઓ બાંધતા ગયા. સહયોગ સંસ્થા વિષે જાણકારી મળતાં ગુજરાત અને રાજ્યબહારના પરિવારજનો તેમના ઘરના રક્તપિત્તથી પીડાતા દર્દીઓને મૂકવા આવતા થયા. કેટલાક તો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકોને તો કેટલાક તેમના પરિવારના નિરાધાર બનેલા સંતાનોને લઈને આવવા માંડ્યા અને સુરેશભાઈની રીતસર કાકલૂદી કરતા કે 'અમારા પરિવારના બોજારૂપ એવા આ લોકોને પણ તમારી સંસ્થામાં કાયમી રાખી લોને.'

સુરેશભાઈ અને ઇન્દીરાબેન આવા બધા દર્દીઓ કે જેઓ કાયમ તેમના જ સંકુલમાં રહીને પરિવારજનો બની ગયા છે તેઓના આંસુ લૂછી દિલાસો આપે છે કે 'રડશો નહિ, લાચારી ન બતાવો. આજથી અમે તમારા ભાઈ, બહેન, મિત્ર, માતા, પિતા જે પણ ગણો તેવો અઢળક પ્રેમ જ માત્ર નહીં આપીએ પણ તમારા ચહેરા પર સ્મિત લાવીશું, આત્મવિશ્વાસ અને આત્મસન્માનનું સિંચન કરીશું. તમને અહીં રહીને જ હુન્નર શીખવી, આજીવિકા રળતા કરીશું.'

રક્તપિત્તગ્રસ્ત, મંદબુદ્ધિના ભાઈઓ-બહેનો, નિરાધાર, એચ.આઈ.વી. ગ્રસ્ત, દર્દી, અપંગ, અંધજનો, સ્કીઝોફેનીયાની મનોબીમારી ધરાવતા દર્દીઓ સહિત ૧૦૪૬ લોકો અહીં રહે છે. ઇન્દીરાબેન અને સુરેશભાઈના દિકરી-જમાઈ, દીકરો-વહુ, પૌત્રો-પૌત્રીઓ બધા જ સહયોગમાં સેવા આપે છે. સાવ સાદગીથી કેટલાક કુટુંબના સભ્યો ત્યાં જ માતાપિતા સાથે રહે છે. પરિવારના ડૉક્ટર સભ્ય પણ સહયોગના દર્દીઓની સારવાર કરે છે.

સુરેશભાઈ સોની જવલ્લે જ સંસ્થાની બહાર જાય છે. કોઈ એવોર્ડ કે સન્માન અપાયું હોય તો ઇન્દિરાબેનને જ લેવા મોકલે છે. સુરેશભાઈ વર્ષોથી ખાદીની ચડ્ડી અને ટૂંકો સદરો પહેરે છે.

આજે તો સહયોગ સંકુલમાં બધા જ દેવ-દેવીઓના મંદિર છે. એમ્બ્યુલન્સ, નર્સિંગ સ્ટાફ અને ડૉક્ટરો સાથેની હોસ્પિટલ છે. વસુકી ગયેલ નિરાધાર ગાયો માટેની ગૌશાળા પણ છે. શિક્ષકોના સ્ટાફ સાથેનું છાત્રાલય છે. કોમન હૉલ, ડાઈનીંગ હૉલ, રાષ્ટ્રીય બેંકની શાખા છે. અલાયદું સ્મશાન પણ છે. નવાઈની વાત એ છે કે એક પણ પૈસાની સરકારી ગ્રાન્ટ વગર ચાલતી આ સંસ્થાને ભગવાન ભરોસે હોઈ વર્ષે ૪.૨૫ કરોડ રૂપિયા દાનની રકમ મળી જ જાય છે.

હવે કદાચ તેમના પરિવારજનો પરત લેવા આવે તો પણ આમાંથી એક પણ દર્દી કે ત્યજાયેલ વ્યક્તિ સહયોગ છોડીને જવા તૈયાર ન થાય. સુરેશભાઈ અને ઇન્દિરાબેન તેઓ માટે ભગવાન છે.

સુરેશભાઈ અને ઇન્દિરાબેન આજકાલ કરતાં ૮૦ વર્ષના થયા પણ તેમના સંતાનો આ યજ્ઞ આગળ વધારવા તૈયાર છે. તેઓએ સાચા સુખની જડીબુટ્ટી પ્રાપ્ત કરી લીધી છે.

હવે તમે જ કહો કે સેવાના આવા ભેખધારી, દીનદુખીયાના આંસુ લુછનાર, કુષ્ટરોગીઓ, મંદબુદ્ધિના માણસો, તરછોડાયેલાના બેલી એવા શ્રી સુરેશભાઈથી પદ્મશ્રી એવોર્ડ ધન્ય બની ગયો કે નહિ ?

**– અરવિંદભાઈ એસ. વૈદ્ય**

(ગુજરાત સમાચારના રવિવારની પૂર્તિમાંથી
આંશિક ફેરફાર સાથે સંકલિત)

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે ફેબ્રુઆરી-૨૦૨૪ માસમાં

### જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧૧,૦૦૦/- | જયાબેન ભરતભાઈ લીમ્બાચીયા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | વિનુભાઈ બબલદાસ લીમ્બાચીયા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | નિતીનભાઈ મનુભાઈ લીમ્બાચીયા, અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | ગં.સ્વ. સવિતાબેન ડાહ્યાભાઈ શર્મા, હસ્તે હરેશભાઈ શર્મા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | જયંતિભાઈ ચેલાભાઈ જોખવા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | નરેન્દ્રભાઈ વલ્લભાઈ લિમ્બાચીયા, નોટીંગ હામ, યુ.કે. |
| ૫૦,૦૦૦/- | વિનોદકુમાર છનાલાલ પારેખ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | વિજયભાઈ ડી. બગથરીયા, અમદાવાદ |
| ૪૦,૦૦૦/- | વિઠ્ઠલભાઈ ભીખાભાઈ પારેખ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | જયેશકુમાર વિ. પારેખ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | વિજયભાઈ ડી. બગથરીયા, અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | રમણલાલ હેમરાજભાઈ નાયી, અમદાવાદ |
| ૫,૦૦૦/- | કિર્તીભાઈ અમીચંદ નાયી, ડીસા |
| ૧૧,૦૦૦/- | ભાવેશભાઈ શરદભાઈ ભલગામડીયા, સુરેન્દ્રનગર |
| ૫,૧૦૦/- | દિપેશ મનુભાઈ શર્મા, અમદાવાદ |
| ૫,૦૦૦/- | હરેશકુમાર નાયી |
| ૬,૦૦૦/- | પ્રવિણભાઈ શામજીભાઈ રાઠોડ, ભાવનગર |
| ૫,૦૦૦/- | બિપીનભાઈ ભીખાભાઈ વાજા, જામનગર |
| ૫૧,૦૦૦/- | અરૂણાબેન દયાશંકર રાવલ, અમદાવાદ |
| ૧,૦૧,૦૦૦/- | હસુબેન નરેશભાઈ ગાંધી, હસ્તે કુતુલભાઈ એન. ગાંધી |
| ૧,૧૧,૧૧૧/- | સ્વ. ચંદુભાઈ જેઠાભાઈ પારેખ (પેટલાદ) ના સ્મરણાર્થે હસ્તે વિદ્યાબેન ચંદુભાઈ પારેખ તેમજ શશાંક ચંદુભાઈ પારેખ, વડોદરા |
| ૫,૦૦૦/- | સાર્થક વિજયકુમાર સોલંકી, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | કાંતિભાઈ નારણભાઈ જીવરામ નાયી, હાલ અમેરિકા, |
| ૫,૧૦૦/- | જયેશભાઈ ગોવિંદભાઈ નાયી, સુરત |

### જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫,૫૧,૦૦૦/- | વાસુદેવભાઈ બાબુલાલ વૈદ્ય અને શ્રીમતી આશાબેન વાસુદેવભાઈ વૈદ્ય, વિજાપુર, હાલ યુ.કે. |
| ૫૧,૦૦૦/- | ડૉ. ગિરીશભાઈ પારેખ, વડોદરા |
| ૫૦,૦૦૦/- | કલ્પેશ ત્રિકમલાલ શર્મા, ગાંધીનગર |
| ૫,૧૫૧/- | મનાલી દક્ષેશ પારેખ |
| ૨૫,૦૦૦/- | મનુભાઈ નાથાભાઈ ભાટીયા, આણંદ (બાયડ) |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

---

( પેજ નં. ૪નું અનુસંધાન, સુભાષિત )

ઇન્દ્રિયોને કાબુમાં રાખી મનને પરમેશ્વરમાં એકાગ્ર કરવું તે યોગ. યોગ થકી જ પરમાત્માની શક્તિઓને આપણામાં પ્રવેશવાનો માર્ગ મળે છે. ત્યાર પછી જ આપણા વિકારો, આપણી નિર્બળતાઓ, આપણા ખોટા કર્મો નિર્મળ થતા જાય છે. એટલે જ પરમાત્માં જ મન લગાવવું જોઈએ. આ લૌકિક દુનિયામાંથી મન બહાર નીકળીને પરમાત્મામાં સ્થિર થાય એનું નામ યોગ. આ યોગ ઘણો કઠીન છે પણ જીવન જીવવામાં એક આવશ્યક સાધના છે.

યોગ સાધનાથી ષડ્રિપુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) નષ્ટ થાય છે અને આત્મા પવિત્ર અને નિર્મળ બને છે. અંતઃકરણ શુદ્ધ થાય છે. આવા નિર્મળ આત્મા જ જીવનમાં સ્વર્ગ ઉભું કરે છે. આ રીતે પરમાત્માની સાથે યોગ કરનાર તેના દ્વારા થતા સર્વે આદેશોને માથે ચઢાવનાર વ્યક્તિ સર્વ પ્રાપ્તિનો હક્કદાર બને છે તે પરમાત્માને પ્રિય બને છે અને પરમાત્માને પ્રિય ભક્તજન પરમ પદ પામે છે. પરમાત્મા સાથેના યોગથી બુદ્ધિ વિકારોમાં ભટકતી નથી - સ્થિર થાય છે અને સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય કર્મોમાં કુશળતા પામે છે. આમ યોગ

એ જ કર્મોમાં કુશળતા છે અને સમત્વબુદ્ધિયુક્ત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે. ભગવાન શ્રીરામનો જ્યારે રાજ્યાભિષેક થવાનો હતો ત્યારે માતા કૈકેયી દ્વારા ચૌદ વર્ષના વનવાસના સમાચારથી શ્રીરામ જરા પણ વિચલિત થયા નહિ તથા મુખ પર એજ શાંતિ વિલસતી હતી. સમત્વબુદ્ધિથી શ્રીરામ સ્થિતપ્રજ્ઞ રહી શક્યા હતા.

ભારતના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન એવા લોખંડી પુરુષ સરદાર સ્વ. વલ્લભભાઈ પટેલ જ્યારે કોર્ટમાં તેમના અસીલનો કેસ લડી રહ્યા હતા ત્યારે ચાલુ કોર્ટે તેમના હાથમાં તેમના પત્નિના અવસાનના સમાચારનો પત્ર મૂકવામાં આવ્યો. પત્ર વાંચી પત્રની ગડી વાળી સરદારશ્રીએ પત્ર તેમના ગજવામાં મૂક્યો અને પૂરી સ્વસ્થતાથી કોર્ટ બંધ થઈ ત્યાં સુધી અસીલનો કેસ લડતા રહ્યા. સમત્વ બુદ્ધિથી તેઓ સ્વસ્થતા પ્રાપ્ત કરી શક્યા. એમની પત્નિના અવસાનના સમાચારથી તેમને ઊંડો આઘાત લાગ્યો હશે પણ તેમણે ચિત્તમાં સમતા ધરી.

પરમ પૂજ્ય સંત શિરોમણિ સ્વ. ડોંગરેજી મહારાજના જીવનનો પણ આવો એક પ્રસંગ છે. પૂજ્ય ડાંગરેજી મહારાજ કેન્સર હોસ્પિટલમાં ફંડ એકઠું કરવા મુંબઈમાં કથા કરી રહ્યા હતા ત્યારે એક ભાઈએ તેમના કાનમાં તેમના પત્નિના અવસાનના સમાચાર કહ્યા. ડાંગરેજી મહારાજે તુરત જ સ્વસ્થતા પ્રાપ્ત કરી કથા ચાલુ રાખી અને કથા પૂરી થતાં પત્નિના અગ્નિસંસ્કાર માટે રવાના થયા. કેવો સમત્વ બુદ્ધિ યોગ !...

પરમાત્મા સાથેના યોગ માટે રાગ, મોહ, આસક્તિ ત્યજીને નિષ્કામ ભાવ રાખીને પરમાત્માની સાથે અંતરના તાર જોડી રાખીને સંસારમાં કર્મ કરતા રહેવું અને આપણી ફરજ બજાવતા રહેવું. પરમાત્માના સહારે જતા રહીએ તો આપણી સઘળી ચિંતા, જવાબદારી એની જ થઈ જાય છે. આવા અનન્ય ભક્તિયોગથી સર્વકર્મોને પરમાત્મામાં અર્પણ કરી સગુણસ્વરૂપ પરમેશ્વરને નિરંતર ભજે છે તેવા ભક્તજનો માટે પરમાત્મા સુલભ છે. પરમાત્માને પામીને ભક્તજન પરમ પદ પ્રાપ્ત કરે છે જે જીવનનું અંતિમ લક્ષ્ય છે.

•


Bhumika Travels

**Overseas Consultant**



**S. B. Parekh**

M. 9825975236

M. 9426022725

OVERSEAS CONSULTANT, AIR TICKET, PASSPORT, VISA, CONGO VISA, STUDENT VISA, IMMIGRATION, HOTEL BOOKING, PACKAGE TOURS, OVERSEAS INSURANCE

204, Span Trade Centre, Opp. Kocharab Ashram, Nr. Paldi Char Rasta, Ashram Road, Ahmedabad -380 006 Gujarat, INDIA

E-mail : bhumikatravel@gmail.com / www.bhumikatravels.com

# પ્રાદેશિક સમાચાર

## ૨૫મો પાટોત્સવ
## રજતજયંતી મહોત્સવ - ૫૧ કુંડી મહાયજ્ઞ
## લિંબચધામ-હિંમતનગર

શ્રી અડાઠમ જથ નાયી કેળવણી મંડળ, હિંમતનગરના ઉપક્રમે શ્રી લિંબચમાતાના મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થયા. આ નિમિત્તે તા. ૧-૨-૨૫થી તા. ૨-૨-૨૫ દરમ્યાન ૨૫મો પાટોત્સવ તથા ૫૧ કુંડી મહાયજ્ઞ સંપન્ન થયો. આ પ્રસંગે તા. ૧-૨-૨૫ના રોજ હિંમતનગર શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી જેમાં સમાજના ૨૦૦૦થી વધુ ભાઈ-બહેનોએ ભાગ લીધો. શોભાયાત્રા દરમ્યાન મંદિર ઉપર તથા યજ્ઞશાળામાં ડ્રોનથી પુષ્પવર્ષા કરવામાં આવી. આતાશબાજી, રથ તેમજ અન્ય વાહનો તથા સમગ્ર સમાજના ભાઈ-બહેનોએ સવારે ૧૨-૦૦થી ૪-૦૦ સુધી આખા શહેરમાં ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ફેરવવામાં આવી.

તા. ૨-૨-૨૫ના રોજ ૫૧ કુંડી યજ્ઞ કરવામાં આવ્યો જેમાં દરેક હવનકુંડમાં ચાર-ચાર યજમાનો દ્વારા યજ્ઞ વિધિ કરવામાં આવી. શોભાયાત્રાના કન્વીનર શ્રી વસંતભાઈ તથા તેમની ટીમે ભારે ઉત્સાહથી પૂર્ણ કરવામાં આવી. યજ્ઞના મુખ્ય યજમાન દાતાશ્રી ધવલભાઈ અરવિંદભાઈ કાલોદ્રી, સહયજમાનો શ્રી બિપીનભાઈ બેરણા, શ્રી પ્રહલાદભાઈ કાંકણોલ, શ્રી પ્રવિણભાઈ તથા તમામ યજમાનો દ્વારા દેહશુદ્ધિ કરી અને સવારે ૮-૦૦થી આખો દિવસ યજ્ઞ વિધિ કરાવવામાં આવી સાંજે પૂર્ણાહુતિ પ્રસંગે મહાઆરતી શ્રી નરેન્દ્રભાઈના પરિવારે બેરણા - ઉતારવામાં આવી આ મહાપર્વમાં અડાઠમ ઉપરાંત આજુબાજુના જથના તથા હિંમતનગરમાં રહેતા લિંબાચીયા સમાજના ભાઈ-બહેનોએ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો.

આ પ્રસંગે મંદિરને ખૂબ જ ફુલોથી પાટોત્સવ શણગારી ડેકોરેશન કરી મંદિર, હોલ તેમજ યજ્ઞશાળાને શણગારવામાં આવી હતી. બંને દિવસે ચા-કોફી, ભોજન તેમજ મહાપ્રસાદની વ્યવસ્થા સમાજના દાતાશ્રીઓ તરફથી કરવામાં આવી. આ મહાપ્રસંગ માટે મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને કારોબારીના સભ્યો ખાસ કરીને બીપીનભાઈ-બેરણા, વિનુભાઈ-નનાનપુર, પ્રવિણભાઈ -આંજણા, દશરથભાઈ-ગઢોડ, પ્રવિણભાઈ-ગાંભોઈ, જશુભાઈ-નિકોડા, જીતુભાઈ-સુરજપુરા, ઈશ્વરભાઈ-નવા તથા નવા-જૂના સૌ કોઈ ટ્રસ્ટીશ્રીઓ માડીગ્રુપ-હિંમતનગર તેમજ અનેક કાર્યકરોએ અથાક મહેનત કરી તન-મન-ધનથી કાર્યક્રમને સફળ બનાવ્યો છે. આ મંદિરમાં દર પૂનમે દર્શનાર્થીઓને જુદા જુદા દાતાઓ તરફથી પ્રસાદ-ભોજન આપવામાં આવે છે. નિકોડા નિવાસી મોહનભાઈની બીનાબેન કલ્પેશભાઈ નાયી તરફથી માતાજીનું યંત્ર તથા licdevelopment officer. દરેક સભ્યને આપવામાં આવશે. આ પ્રસંગે સેવા આપનાર તમામ સભ્યો, ભાઈ-બહેનોનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

**- પ્રમુખ, મંત્રી, કારોબારી તમામ સભ્યો.**

**પ્રેષક : બાલુભાઈ પારેખ (અડપોદરા)**

## શ્રી પાટણવાડા લીંબાચીયા તેર સમાજ
## કો. ઓ. ક્રેડીટ સોસાયટી, વડોદરા

આથી વડોદરા ખાતે આપણા પાટણવાડા લીંબાચીયા તેર સમાજ તેમજ પાટણવાડા લીબાચીયા પરિવારના લોકોને આનંદ સાથે જણાવાવનું કે લીંબચમાતાના અસીમ કૃપા અને સ્વર્ગસ્થ વડિલોના આશીર્વાદથી અને આપ સૌના સાથ સહકારથી અને આપણી કારોબારી સભ્યોના સખત પરિશ્રમથી શ્રી પાટણવાડા લીંમબાચીયા તેર સમાજ કો. ઓ. ક્રેડિટ સોસાયટી વડોદરાની સ્થાપના તા. ૨૮-૧૨-૨૪ના રોજ થયેલ છે. તેની સ્થાપના ૩૦-૧૦-૨૪ના રોજ શ્રી જિલ્લા રજીસ્ટર્ડ કચેરી વડોદરાથી રજીસ્ટર્ડ (ગવર્મેન્ટ માન્ય) થયેલ છે. તા. ૨૮-૧૨-૨૪ના રોજ સદર સોસાયટીનું પ્રમુખ સ્થાન શ્રી નગીનભાઈ નરોત્તમદાસ લીંબાચીયા ગામ સંડેર હાલ વડોદરાના હસ્તે શુભ શરૂઆત કરેલ છે. સદર ક્રેડીટ સોસાયટીના કારોબારી સભ્યો નીચે મુજબ છે.

(૧) શ્રી કીરીટભાઈ સોમાભાઈ લીંબાચીયા-ગામ સીહી, પ્રમુખ (૨) શ્રી દિપકભાઈ પીતાંબરદાસ લીંબાચીયા-ઉમતાવાળા, ઉપપ્રમુખ (૩) શ્રી ચીમનલાલ ઈશ્વરલાલ લીંબાચીયા-બેઠોસણ, મંત્રી (૪) શ્રી પ્રકાશભાઈ નાથાલાલ લીંબાચીયા-ઉનાવા, ખજાનચી (૫) શ્રી ધવલ મહેન્દ્રભાઈ લીંબાચીયા-મોટીદાઉ,

સહમંત્રી (૬) શ્રી કુંજન હસમુખભાઈ લીંબાચીયા-પીંઢારપુરા, સહખજાનચી (૭) શ્રી મહેન્દ્રભાઈ કુબેરદાસ લીંબાચીયા-સીહી, ઓડિટર (૮) શ્રી વિષ્ણુભાઈ સોમાભાઈ લીંબાચીયા-પીંઢારપુરા, સહ ઓડિટર (૯) શ્રી પ્રકાશભાઈ લક્ષ્મણભાઈ લીંબાચીયા-કનોડા, કારોબારી સભ્ય (૧૦) શ્રી વત્સલ રવિન્દ્રભાઈ લીંબાચીયા-સીહી, કારોબારી સભ્ય (૧૧) શ્રી જયેશ શાંતીભાઈ શર્મા-ડાભી, કારોબારી સભ્ય

**- વિષ્ણુભાઈ સોમાભાઈ લીંબાચીયા,**
**ગામ પીંઢારપુરા, હાલ વડોદરા**
**મો. ૯૮૨૪૩૦૩૪૯૫**

## શ્રી જય લિમ્બચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ) ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત ૨૭મો પગપાળા સંઘ

શ્રી જય લિમ્બચ ઉત્કર્ષ ( સોસ્તર જૂથ) ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત ૨૭મો પગપાળા સંઘ મહાસુદ ૧ તા. ૩૦/૦૧/૨૦૨૫ને ગુરુવારે માં લિમ્બચના બે નિશાન(ધજા) સાથે આ ધજાનુ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું એવા શ્રી મયુરકાન્ત વાસુદેવભાઇ શર્મા પરિવાર (લાડોલ)૮૨, બાલેશ્વર સીટી, હાથીજણ, અમદાવાદ ખાતેથી અર્ચના-પૂજા, આરતી કરી ગાયત્રી મંદિર, શાહીબાગ, અમદાવાદ ખાતે સવારે ૯-૦૦વાગે આવી પહોંચ્યા. ગાયત્રી મંદિર, શાહીબાગ અમદાવાદ ખાતે સૌ ૫૬ યાત્રિઓ એકઠા થયા હતા. ગાયત્રી મંદિરમાં પૂજા અર્ચના કરી સંઘે સવારે ૯-૩૦ વાગે ચાંદખેડા જવા પ્રયાણ કર્યું. ચાદખેડા-જનતાનગરમા સંઘ બપોરે બાર વાગ્યે આવી પહોચ્યો. જનતાનગર-ચાદખેડા-ડી કેબીનમાં વસતા ભાઈઓ-બહેનોએ માતાજીની ધજાનુ ઉમળકાભેર સ્વાગત કર્યું જ્યાં શ્રી રજનીકાંત સેધાભાઈ નાયી (બિલીયા)તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો. ભોજન

પ્રસાદ લઈ સંઘે બપોરે ૧-૦૦વાગ્યે પ્રયાણ કરી ઝૂન્ડાલ ચોકડી પહોંચ્યો જ્યાં ડાયમંડ સ્કાય કોમ્પ્લેક્ષના પરિસરમાં યાત્રિકોને સંમતિ પત્રકો ભરાવી દરેક યાત્રીના રજીસ્ટ્રેશન કરી બિલ્લાઓ આપવામાં આવ્યા જ્યાં ૧૦૨યાત્રિકોનુ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. અહી શ્રી જયંતિલાલ કે. વૈધ્ય(વિજાપુર) તરફથી દર વર્ષની જેમ ઠંડા પીણાની સેવા આપવામાં આવી. સંઘ આગળ પ્રયાણ કરી સરગાસણ ચોકડી પહોંચ્યો જ્યાં ગં. સ્વ. ઉષાબેન બચુભાઈ નાયી પરિવાર (વિજાપુર) તરફથી દર વર્ષની જેમ ચા તથા સ્વ. શાન્તાબેન નારાયણદાસ શર્મા (પામોલ)હસ્તે સ્વ. જતીનભાઈ(અમેરિકા), શ્રી કેતનભાઈ (અમદાવાદ)તથા શ્રી ધીરેનભાઈ (યુ. કે. ) તરફથી દર વર્ષની જેમ અલ્પાહાર આપવામાં આવ્યો. થોડો વિશ્રામ કરી સંઘે પુનઃપ્રસ્થાન કરી ભજન ધૂન ગાતાં ગાતાં તથા માતાજીના ઉદઘોષ-બોલ મારી લિંબચ -જય જય લિમ્બચ સાથે ગાંધીનગર લિંબચધામ ખાતે સાંજે ૭-૩૦કલાકે આગમન કર્યું જ્યાં ગાંધીનગરના ભાઈઓ-બહેનોએ ભાવભર્યું સ્વાગત કર્યું. અહી શ્રી રાજેશભાઈ વિઠ્ઠલદાસ શર્મા (બદપુરા) તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો. મંદિરના પરિસરમાં ઉત્કર્ષ મંડળના પદાધિકારીઓ તથા કાર્યકરોનું ગાધીનગર યુવા ટીમ દ્વારા ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું. ગાધીનગરમા રાત્રિ રોકાણની સુન્દર વ્યવસ્થા શ્રી પંકજભાઈ કે. નાયી, ગાંધીનગરની યુવા ટીમ તથા શ્રી રાજેશભાઈ તરફથી કરવામાં આવેલ હતી. અહી ગાદલા-રજાઈ-ઓશિકાની સેવા પણ શ્રી રાજેશભાઈ વિઠ્ઠલદાસ શર્મા તરફથી કરવામાં આવેલ હતી.

બીજા દિવસે તા. ૩૧/૦૧/૨૦૨૫ને શુક્રવારે સવારે ૭-૦૦વાગ્યે માં લિંબચના મંદિર-ગાધીનગરમા માની આરતી કરી એક ધજા ચઢાવી ચા નાસ્તો કરી (અહીં ચા-નાસ્તો પણ શ્રી રાજેશભાઈ વિઠ્ઠલદાસ શર્મા તરફથી આપવામાં આવ્યો હતો) સંઘે આગળ પ્રયાણ કરી પંકજભાઈ કે. નાયી (પ્રમુખશ્રી, સોસ્તર જૂથ નાયી સમાજ, વિજાપુર)ના ઘરે પહોંચ્યા જ્યાં ધજાની પૂજા-આરતી કરી ભજન ધૂન ગાતા ગાતા તથા માતાજીના જય ઘોષ સાથે સંઘે આગળ પ્રયાણ કર્યું. આગળ પેથાપુર ચોકડી પાસે મન પસંદ ભજીયા હાઉસ ખાતે શ્રી મુકેશભાઈ નટવરલાલ વૈધ (વિજાપુર -હાલ અમેરિકા) તરફથી ભજીયા તથા ચા આપવામાં આવ્યા. રસ્તામા ૫૬ યાત્રિઓને સંતરા તથા માવા ચીકીની સેવા પણ શ્રી મુકેશભાઈ તરફથી આપવામાં આવી હતી.

સંઘ આગળ કૈલાસધામ પહોંચ્યો જ્યાં ગરમાગરમ લાઈવ ઢોકળાની સેવા શ્રીમતી જ્યોત્સનાબેન તથા શ્રી મહેશભાઈ સોમનાથ પારેખ(જંત્રાલ)તથા શ્રીમતી વિણાબેન તથા શ્રી અશ્વિનભાઈ કેશવલાલ નાયી (જંત્રાલ)

તરફથી આપવામાં આવી અને સૌને તરોતાજા કરવામાં આવ્યા. સંઘે ત્યાંથી પ્રયાણ કરી પીપરજ ખાતે ગં. સ્વ. મંજુલાબેન બાબુલાલ વૈધ (ગોઠવા) તરફથી દર વર્ષની જેમ આઈસ્ક્રીમ આપવામાં આવ્યો. સંઘે ત્યાંથી પ્રયાણ કરી લગભગ બપોરે ૨-૩૦ કલાકે મુબારકપુર શ્રી ઘનશ્યામભાઈ પટેલના ફાર્મમાં પહોંચ્યો. શ્રી ઘનશ્યામભાઈ પટેલે અહીં ખુરશીઓ, ખાટલા, પાથરણાં તથા પાણીની સરસ વ્યવસ્થા કરી હતી. શ્રી ઘનશ્યામભાઈએ અહીં આજીવન ઉતારો આપવાની ઈચ્છા દર્શાવી છે. ધન્ય છે તેમની માતાજી પ્રત્યેની આસ્થાને તથા પદયાત્રીઓની સેવા તથા મહેમાનગીરી કરવાની ઉત્કૃષ્ટ ભાવનાને. અહી શ્રી પ્રીતેશભાઈ મહેન્દ્રભાઈ નાયી (ગેરીતા)તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો.

થોડા વિશ્રામ પછી બપોરે સાડા ત્રણ વાગ્યે સંઘે આગળ પ્રયાણ કર્યું અને સાંજે સાત વાગ્યે સંઘ ઈશ્વરપુરા -સાગર (રવિ)હોટેલ ખાતે આવી પહોંચ્યો. અહી બદપુરા-લોદરા-મકાખાડના ભાઈઓ-બહેનોએ સંઘનું સ્વાગત કર્યું. અહી શ્રીમતી આશાબેન તથા શ્રી વાસુદેવભાઈ બાબુલાલ વૈધ (વિજાપુર હાલ યુ. કે. )તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો. વરસોડાના ભાઈઓ તરફથી દૂધની સેવા આપવામાં આવી સાગર હોટેલ માં રાત્રિ રોકાણની સુંદર વ્યવસ્થા પણ શ્રીમતી આશાબેન તથા શ્રી વાસુદેવભાઇ તરફથી કરવામાં આવેલ હતી.

તા. ૧/૨/૨૦૨૫ને શનિવારે ધજાની પૂજા અર્ચના કરી ચા-નાસ્તો કરી (ચા- નાસ્તો પણ શ્રીમતી આશાબેન તથા શ્રી વાસુદેવભાઇ તરફથી હતો) સંઘે સવારે ૭-૦૦વાગ્યે સાગર(વિજય) હોટેલથી પ્રયાણ કરી સવારે નવ વાગ્યે પુન્ધરા પહોંચ્યો જ્યાં ગં. સ્વ. સવિતાબેન મનુભાઈ નાયી (પુન્ધરા)તથા શ્રી અરવિંદભાઈ વી. શર્મા(સંઘપુર)તરફથી લોદરાના ખમણ આપવામાં આવ્યા. સંઘે આગળ પ્રયાણ કરતાં ઘનશ્યામ હોટલ આગળ શ્રી ગીરીશભાઈ ભોગીલાલ નાયી (ભાલક) તરફથી ચા-નાસ્તો આપવામાં આવ્યો. આગળ પ્રયાણ કરી સંઘ આશ્રમ ચોકડી પહોંચ્યો જ્યાં ગં. સ્વ. શારદાબેન રામભાઇ નાયી (ગેરીતા હાલ યુ. કે. ) તથા શ્રી હિમાંશુભાઈ રામભાઈ નાયી (હાલ ઝામ્બિયા)તફથી દર વર્ષની જેમ આઈસ્ક્રીમ આપવામાં આવ્યો. આગળજતા રણાસણ માં રણાસણના ભાઈઓ-બહેનોએ ધજાની પૂજા વિધિ કરી તથા સૌને ચા-નાસ્તો આપવામાં આવ્યો. સાથે સાથે વચ્ચે થી યાત્રિકો સંઘમાં જોડાયેલ જે સૌ માનવ મહેરામણ સાથે નાચતા ગાતા સંઘે ડી. જે. ના તાલે ઉત્સાહભેર ગરબાની રમઝટ સાથે લિંબચ માતાના મંદિરમાં બપોરે બાર વાગ્યે પ્રવેશ કર્યો જ્યાં વિજાપુર સોસ્તર સમાજના પદાધિકારીઓએ સંઘનું સ્વાગત કર્યું. બપોરે ૧૨-૩૦કલાકેધજાની પૂજા આરતી કરી ધજાનુ આરોહણ મંદિરના શિખરે કરવામાં આવ્યું. આશ્ચર્યની એવી વાત બની કે એ સમયે એક કબૂતર માતાજીનુ નામ લખેલ હતું ત્યાં આવીને બેઠું જાણે કે માતાજીએ પગપાળા સંઘ ઉપર આશિર્વાદ આપી સ્વિકૃતિની મહોર મારી. જય હો મા લિંબચનો. અમદાવાદથી ધજાના પ્રણેતા શ્રી મયુરકાન્ત વાસુદેવભાઇ શર્મા પરિવાર દ્વારા માતાજીની ધજા અર્પણ કરવામાં આવી. તેમના તરફથી સૌ યાત્રિકો તથા આમંત્રિત મહેમાનોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો. ભોજન બાદ સૌ યાત્રિકો માતાજીના પરિસરમાં એકઠા થયા. દાતાશ્રીઓ તથા સંઘમાં સેવા આપતા કાર્યકરોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું. શ્રી કાળીદાસભાઈ પારેખ તથા શ્રી રમેશભાઈ વૈધે સુપેરે સંચાલન કર્યું.

દર વર્ષની જેમ ચાલું સાલે પણ અમદાવાદથી વિજાપુર સુંધી મિનરલ વોટરની સેવા શ્રીમતી પારુલ બેન અશ્વિનભાઈ શર્મા (રણાસણ હાલ ઝામ્બિયા) તરફથી પૂરી પાડવામાં આવી હતી. સંઘમા ડી. જે. ની સેવા શ્રીમતી પ્રતિક્ષાબેન પ્રકાશકુમાર શર્મા(તાતોસણ હાલ યુગાન્ડા) તરફથી તથા વૃદ્ધ યાત્રિકો માટે ટેમ્પાની સેવા શ્રીમતી ભાવનાબેન જયેન્દ્રભાઈ નાયી(ભોતીપુરા હાલ ઝામ્બિયા) તરફથી પૂરી પાડવામાં આવી હતી. સંઘમાં ફર્સ્ટ એઈડની દવાઓની સેવા દર વર્ષની જેમ શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (સંઘપુર) તરફથી પૂરી પાડવામાં આવી હતી. બેનરો તથા બિલ્લાઓ શ્રી મયુરકાન્ત વાસુદેવભાઇ શર્મા તરફથી આપવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ પદયાત્રીઓને વિજાપુરથી અમદાવાદ પરત આવવા માટે બસની સેવા રામભરોસે ટ્રસ્ટ તરફથી શ્રી ડાહ્યું ભાઈ કેશવલાલ નાયી (લોદરા હાલ યુ. કે. ) તરફથી પૂરી પાડવામાં આવી હતી.

ચાલું સાલે ગાડીની સેવા(૧) શ્રી મુન્નાભાઈ (મહેશભાઈ)સોમનાથ પારેખ (જંત્રાલ)(૨) શ્રી કેતનભાઈ વિષ્ણુભાઈ ઠક્કર(વિજાપુર )તથા (૩)શ્રી બ્રીજેશકુમાર લલિતકુમાર શર્મા (અમદાવાદ)તરફથી આપવામાં આવી હતી. રીક્ષાની સેવા શ્રી ચંદ્રકાંત ગોવિંદલાલ શર્મા(ગેરીતા) તરફથી આપવામાં આવી હતી. વિશેષમા

શ્રી ચંદ્રકાંતભાઈએ વાહનો ઉપર ફૂગ્ગાઓનુ સરસ મજાનું સુશોભન પણ કર્યું હતું.

અમદાવાદથી વિજાપુર સુંધી સંઘનું સફળ સંચાલન શ્રી કાળીદાસભાઈ કે. પારેખ (ચાંગોદ), શ્રી અરવિંદભાઈ એસ. વૈધ (વડાસણ), શ્રી પ્રવિણભાઈ ડી. નાયી(બિલીયા), શ્રી પ્રવિણભાઈ એલ. નાયી (જંત્રાલ), શ્રી ધર્મેન્દ્રભાઈ સી. નાયી(સંઘપુર), શ્રી વિજયભાઈ એન. નાયી(વરસોડા), શ્રી સુરેશભાઈ કે. નાયી (જંત્રાલ), શ્રી મહેન્દ્રભાઈ એસ. નાયી (ગેરીતા) તથા યુવા વર્ગમાં શ્રી સાગરભાઈ એ. શર્મા તથા શ્રી મેરુલભાઈ એન. નાયી (પુન્ધરા) વગેરે નામી અનામી સર્વેનો શ્રી જય લિમ્બચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ આભાર માને છે.

અમદાવાદથી વિજાપુર સુંધી વિવિધ સ્થળોએ ચા, નાસ્તો, આઈસ્ક્રીમ, ભોજન પ્રસાદ, ડી. જે. ની સેવા, વાહનોની, વૃદ્ધ યાત્રિકો માટે ટેમ્પાની સેવા, વિજાપુર થી અમદાવાદ યાત્રિકોને પરત લાવવા બસની સેવા, ફર્સ્ટ એઈડની સેવા વગેરે વગેરે સેવાઓ આપનાર સર્વે દિલેર દાતાશ્રીઓ નો શ્રી જય લિમ્બચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આભાર માનવામાં આવે છે. અહી નાની નાની સેવા આપનાર દાતાશ્રીઓનો ઉલ્લેખ મર્યાદાના હિસાબે કરી શક્તા નથી પણ તેમનો સૌનો પણ આભાર માનવામાં આવે છે. અમદાવાદથી વિજાપુર સુંધી સતત ભક્તિમય નિર્મળ વાતાવરણમાં માતાજીના જયઘોષ સાથે પદયાત્રા કરનાર સર્વે પદયાત્રીઓનો પણ સહકાર આપવા બદલ ઉત્કર્ષ મંડળ આભાર વ્યક્ત કરે છે.

વિવિધ ઉતારાના સ્થળે તથા ભોજન પ્રસાદ તથા ચા-નાસ્તો આપવાના સ્થળોએ સુવિધાઓ પૂરી પાડવાનો પૂરો પ્રયત્ન કર્યો છે તેમ છતાં કોઈને તકલીફ પડી હોય તો ક્ષમ્ય ગણવા ઉત્કર્ષ મંડળ દિલગીરી વ્યક્ત કરે છે.

માં લિંબચ સૌ પદયાત્રીઓને નિર્વિઘ્ને હેમખેમ સુખ રુપે પહોંચાડ્યા જેમાં પદયાત્રીઓની શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ તથા આસ્થા રહેલા છે. આપણા કૂળદેવી લિંબચ માતાની તેના વ્હાલા બાલુડાઓ પ્રત્યની કરુણા-દયાની લાગણી અપરંપાર છે. મા લિંબચ સૌ યાત્રારુઓની મનોકામનાઓ પૂર્ણ કરે એવી પ્રાર્થના. જય હો મા લિંબચની.

**અરવિંદભાઈ એસ. વૈધ**
મંત્રીશ્રી, શ્રી જય લિમ્બચ ઉત્કર્ષ (એસ.જે.)
ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

## 212 વાળંદ સમાજનો 14મો સમૂહલગ્ન

તારીખ 16/02/2025ને રવિવારના રોજ 212 વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી આયોજીત ખેડા પંચમહાલ અને મહિસાગર વાળંદ સમાજનો 14 મો સમૂહલગ્ન કડાછલા ચોકડી રઘુકળ આશ્રમ શાળા કડાછલા (ભુતપૂર્વ સાસંદ રતનસિંહ રાઠોડના નિવાસસ્થાન) તા. લુણાવાડા જિ. મહિસાગર ખાતે સમુહલગ્ન સમારોહ યોજાયો.

14મા સમુહલગ્નમાં 11 નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા આ સમૂહલગ્નના પ્રમુખશ્રી મહેશભાઈ કોદરભાઈ વાળંદ સેવાલીયા તથા કાર્યવાહક મંડળના સભ્યો ગિરીશકુમાર એમ શર્મા પરબીયા મહેન્દ્રભાઈ કે શર્મા ગુણેલી ભાનુપ્રસાદ બી શર્મા દેયડી પરસોતમભાઈ કે વાળંદ ખાંડીવાવ મંગળદાસ બી વાળંદ સરોડા ભરતભાઈ કે શર્મા આગરવાડા પ્રવિણભાઈ એન વાળંદ ડેભારી આ કાર્યવાહકોના પ્રયત્નોથી 11 દિકરીઓને 74 જેટલી કન્યાદાનની વસ્તુઓ મળી હતી એ તમામ દાતાશ્રીઓ નો ફાળો રહ્યો છે.

વાળંદ સમાજના આ 14મા સમુહલગ્ન સમારોહમાં મોટીસંખ્યામાં 212 વાળંદ સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહી નવ દંપતિઓને સફળ લગ્ન જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સમુહલગ્ન સમારોહમાં પ.પુજ્ય ધર્મપ્રિયદાસજી મહારાજ જેઠોલી મંદિરના ગાદીપતિએ નવયુગલોને આશિર્વાદ આપ્યા અને આશીર્વચન પાઠવ્યા હતા એમના વરદ હસ્તે વિવિધ કન્યાદાન ભેટો સોગાદ નવદંપતિને અર્પણ કરવામાં આવી હતી.

ભોજનના દાતા પ્રવિણભાઈ મંગળભાઈ શર્મા વિરપુર હતા અને વર્ધોના દિવસ જમણવારના દાતાશ્રી રાજેશભાઇ શાંતિલાલ વાળંદ સરોડા હતા..સમારંભ પ્રમુખ મોહિનકુમાર પ્રભુદાસ શર્મા પીલોદ્રા હાલ સિનિયર મેનેજર સન ફાર્માસ્યુટિકલ મેડિકેર લિ.હાલોલ એ સમુહલગ્નમા જોડાવનાર નવ દંપતિને આશિર્વાદ આપ્યા હતા અને પ્રસંગ અનુરૂપ ઉદ્‌બોધન કર્યુ હતુ ત્યારબાદ માજી સાંસદ રતનસિંહ સાહેબ પણ નવદંપતિને આશિર્વાદ આપ્યા અને કન્યાદાન માટે દિકરીઓ ભેટ અર્પણ કરેલ છે

અને સમારોહમાં રઘુકુળ આશ્રમ શાળાની જગ્યા આપી એ બદલ રતનસિંહ સાહેબનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ આ આનુસંગિક સેવાઓ સમાજ ઉપયોગી ઉમદા સેવા કાર્ય બદલ સર્વે ઉપસ્થિત 212 વાળંદ સમાજના જ્ઞાતિબંધુઓ આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પ્રસંગે 212 વાળંદ સમાજ મહિસાગર પંચમહાલ અને ખેડા જીલ્લામાથી જે દાતાશ્રીઓ રોકડદાન દાન અને કન્યાદાન આપ્યુ આ સર્વ જ્ઞાતિબંધુએ આ 14 મા સમુહલગ્નન સમારોહને સફળ બનાવ્યો એ બદલ 212 વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતીના પ્રમુખ તથા કાર્યવાહક મંડળ આપ સર્વનો આભાર વ્યક્ત કરે છે અને આપના કન્યાદાન અને રોકડદાન આપી આ સમુહલગ્નમા સિંહ ફાળો માટે 212 વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી તમામ એ તમામ દાતાશ્રીઓ ના અમે કાયમ આપના ઋણી રહેશુ.

**પ્રમુખ, મહેશભાઈ કોદરભાઈ વાળંદ સેવાલીયા**
**તથા તમામ કાર્યવાહક મંડળ**
**મહિસાગર પંચમહાલ અને ખેડા**

## મોટી છાસઠ જૂથ નાઈ સમાજ, કલોલ દ્વારા ૩૧મો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો

'સમાજમાં એકતા અને સહકારનો અનોખો ઉદાહરણ !' કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનો અને સાધુસંતોના સ્વાગતથી કરવામાં આવી. ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામે હનુમાનજી મંદિર પાસે ૩૧મો સમૂહ લગ્ન મહોત્સવ તા. ૧૫-૨-૨૦૨૫ના રોજ યોજાયો. જેમાં મોટી છાસઠ જૂથ નાયી સમાજ દ્વારા આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, સરપંચ અડાલજ બિનીતાબેન પ્રજ્ઞેશભાઈ પટેલ, સમાજના આગેવાનો, સમાજના પ્રમુખ અને મહામંત્રી અન્ય મહાનુભાવો તેમજ સાધુસંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સમૂહલગ્નમાં ૧૫ નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. આ સમૂહલગ્ન કાર્યક્રમના મુખ્ય દાતા સ્વર્ગસ્થ મણિલાલ બબલદાસ વાળંદ પરિવાર, અડાલજવાળા ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં હાજર સમાજના અગ્રણીઓ, એ તેમજ સભ્યોએ સમૂહલગ્નમાં લગ્ન કરનારા દંપતિઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ખડે પગે ઊભા રહી આ પ્રસંગને સફળ બનાવ્યો. આ સમૂહ લગ્ન મહોત્સવ સમાજના મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. આ ઉદ્દેશ્યથી દર વર્ષે સમાજ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ સમૂહલગ્ન મહોત્સવ દ્વારા સામાજિક એકતા અને સહકારનો મજબૂત સંદેશો આપવામાં આવ્યો છે. આ શુભ કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. સમાજના આગેવાનો તરફથી નવા દંપતિઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આગેવાનો દ્વારા પ્રભુતામાં પગલાં ભરનાર ૧૫ નવદંપતિને ઘર વપરાશની ૧૨૭ વસ્તુઓની ગિફ્ટ પણ આપવામાં આવી હતી. તેમજ નિષ્ણાત પંડિતો દ્વારા વિધિવિધાનપૂર્વક લગ્ન કરાવવામાં આવ્યા હતા. દાતાશ્રી મણીલાલ બબલદાસ વાળંદના પુત્ર શ્રી રમેશભાઈએ નવદંપતિ પંદર કપલ એટલે કે ૩૦ વ્યક્તિને પોતાના ખર્ચે એ.સી. લક્ઝરી બસ કરીને રાજસ્થાનના કુંભલગઢમાં ફાઈવસ્ટાર હોટલ બુક કરાવી પ્રવાસે મોકલ્યા હતા. સમાજના આગેવાન પ્રમુખ, મંત્રી તેમજ તમામ સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો તેમજ તમામ જાનૈયાઓ માટે જમવાની પણ સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

**પ્રમુખ, મંત્રી, મોટી છાસઠ નાયી સમાજ**

## મોટી છાસઠ જૂથ, કલોલ (૪૨ વિભાગ), સત્તાવીસ ગામ નાયી સમાજ સ્નેહમિલન સમારોહ

27 વિભાગ દ્વારા 18-1-2025 ના રોજ વાસણીયા મહાદેવ ના પરિસરમાં આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમમાં 9:30 થી 10:20 રજીસ્ટ્રેશન બાદ, 10:30 કલાકે મહેમાનોને મંચસ્થ કરાયા. 10:30 થી 11:30 મંચસ્થ મહેમાનો નું શાબ્દિક સ્વાગત -પરિચય ડૉ. અજયભાઈ શર્મા, માણસા દ્વારા કરાવવામાં આવ્યો. ત્યારબાદ સન્માન વિધિ માં સમારંભના અધ્યક્ષ અમૃતભાઈ નાયી (ધોળાકુવા) ટ્રસ્ટી મોટી છાસઠ નાયી સમાજનું ફુલહાર શાલ અને શીલ્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

1. ફુલસ્કેપ ચોપડા 2021 ના સંપૂર્ણ ખર્ચ-દાતાશ્રી, ભાવેશ કુમાર બળદેવભાઈ નાયી (સ્પેન) પરબતપુરા ના

